અપીલ અરજી નં.૩૩૬ તા.૧૫–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલાની તા. ૧૨–૯–૧૧ની અરજીથી સર્વે નં.૫૫૩/૨, ૫૫૩/૩ પૈકી ટી.પી. નં. ૧૯ ફા.પ્લોટ નં. ૧૧૬ પર દાખલ નામો બાબતે આરટીઆઈ હેઠળ મેળવેલ તેમજ આ અરજી સાથે બિડેલ નકલમાં સને ૧૯૯૩–૯૪માં (૧) તા. ૧૪–૭–૯૪ના તેમજ(૨) તા. ૨૬–૩–૯૪ના હુકમથી દર્શાવેલ સદર બધા ટેનામેન્ટ નંબરો પર જે જે નામો દાખલ કરી કાયમી કરવામાં આવેલ તે બધા નામો દાખલ કરાવવા માટે અરજદારોએ કરેલ અરજીઓ તથા જે તે સમયે રજુ કરેલ તમામે–તમામ પુરાવાઓ તેમજ જે તે અધિકારીઓના હુકમોની સહી સિકકાવાળી નકલો મેળવવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૬/૨૦૧૧–૧૨

શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલાની તા. ૧૨–૯–૧૧ની અરજીથી સર્વે નં.૫૫૩/૨, ૫૫૩/૩ પૈકી ટી.પી. નં. ૧૯ ફા.પ્લોટ નં. ૧૧૬ પર દાખલ નામો બાબતે આરટીઆઈ હેઠળ મેળવેલ તેમજઆ અરજી સાથે બિડેલ નકલમાં સને ૧૯૯૩–૯૪માં (૧) તા. ૧૪–૭–૯૪ના તેમજ(૨) તા. ૨૬–૩–૯૪ના હુકમથી દર્શાવેલ સદર બધા ટેનામેન્ટ નંબરો પર જે જે નામો દાખલ કરી કાયમી કરવામાં આવેલ તે બધા નામો દાખલ કરાવવા માટે અરજદારોએ કરેલ અરજીઓ તથા જે તે સમયે રજુ કરેલ તમામે–તમામ પુરાવાઓ તેમજ જે તે અધિકારીઓના હુકમોની સહી સિકકાવાળી નકલો મેળવવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ / એ.આર.ડી / આ.નં / ૩૯૮ તા.૧૦–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા દફતરની જાળવણીની સમયમર્યાદા સામે નાશ–નિકાલની વિગતો આધાર સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૧ તા.૨૫–૧૦–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/આ.નં.૨૬૭ તા.૧૧–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૯૮ તા.૧૦–૧૦–૧૧ ના પત્રની નકલ, ફી ભર્યાની રસીદ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૨–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડીઆ/૩૯૮ તા.૧૦–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં કતારગામઝોનના લાગત વોર્ડ ફિલ્ડબુક કલાર્ક/સર્વેયર તરફથી તા.૭–૧૦–૧૧ ના રોજ ઈન. નં.ઈ.ઝેડ/એન.ઝેડ/એઆરડી/૯૪૭ તા.૭–૧૦–૧૧ થી રજૂ કરેલ રીપોર્ટમાં જણાવ્યા મુજબ અરજદારની હાલની તેમજ અગાઉની તમામ આરટીઆઈ એકટની અરજીઓ ધ્વારા માંગવામાં આવેલ તુમાર અંગે નાનપુરા રેકર્ડ વિભાગ તેમજ કતારગામઝોનના ગોડાઉનમાં શોધખોળ આદરતા પ્રશ્નવાળી મિલ્કત અંગેની તમો ધ્વારા માંગવામાં આવેલ કોઈ પુરાવા અંગેની ફાઈલો ઉપલબ્ધ જણાતી નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે દસ્તાવેજી પુરાવાઓ ઉપલબ્ધ ન હોવા રેકર્ડ નાશ કરવા યોગ્ય નહીં હતા તે પુરાવા ઉપલબ્ધ નથી તે બાબતે રેકર્ડ હોય તે અંગેની ઈન્કવાયરી કરી જવાબદાર વિરુધ્ધ પગલા લીધા નથી માટે પુરાવા ઉપલબ્ધ નથી તેવા જાહેર માહિતી અધિકારીના જવાબમાં સુસંગતતા નથી. જે અંગે માહિતી છુપાવવા અને ખોટા ઈરાદાપૂર્વક અપૂરતી આપવામાં આવેલ કે ગેરમાર્ગે દોરવા માટે યા ગુનો ઢાંકવા માટે

આપેલ જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ખાતા અને રેકર્ડ વિભાગની હકીકતલક્ષી માહિતી અરજદારને જણાવવામાં આવેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ રેકર્ડના નિકાલ કે નાશ બાબતે અપીલ તબકકે પૂરક વિગતો માંગતા કોઈ સ્પષ્ટતા કરેલ નથી. આથી સદર રેકર્ડ બાબતે રેકર્ડના નિયમોનુસાર રેકર્ડના નાશ કે નિકાલ બાબતે દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જા.મા.અ. કક્ષાએ દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ કે નિકાલની વિગતો પૂરી પાડવા અન્યથા ફાઈલની દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રીતે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અને થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલા,